# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-04-2025** **MIDDAY: 1.20 TO 1.25**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

***************************************************

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# REV-ADD-OVERALL-PM-SRI-LANKA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ અનુરા કુમારા દિસાનાયકે આજે મહો ઓમાનથાઈ રેલ્વે પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું.

બંને નેતાઓએ મહો અનુરાધાપુરા સેક્શન પર સિગ્નલિંગ સિસ્ટમનું અનાવરણ પણ કર્યું. ભારત દ્વારા સમર્થિત આ બંને પ્રોજેક્ટના કારણે શ્રીલંકાના ઉત્તરીય ભાગ અને કોલંબો વચ્ચે ટ્રેનોનું સરળ અને સલામત સંચાલન સુનિશ્ચિત થશે. આજે સવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખે જયા શ્રી મહાબોધી મંદિરમાં પ્રાર્થના કરી હતી. પ્રધાનમંત્રીની આ મુલાકાતે સંરક્ષણ, ઉર્જા, જોડાણ અને ડિજિટલ આધારમાળખા સહિત અનેક ક્ષેત્રોમાં ભારત-શ્રીલંકા સંબંધોને વધુ ગાઢ બનાવ્યા છે.

બંને નેતાઓએ વિવિધ દ્વિપક્ષીય મુદ્દે ચર્ચા કરી હતી. આ ઉપરાંત માછીમારોના મુદ્દા પર પણ ચર્ચા કરાઇ. વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ કહ્યું કે, શ્રીલંકાની સરકારે 11 માછીમારોને મુક્ત કર્યા છે અને વધુ કેટલાકને ટૂંક સમયમાં મુક્ત કરાશે.

# DAY-PM-PAMBAN-INAUGURATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તામિલનાડુમાં નવા પંબન રેલ બ્રિજનું ઉદ્ઘાટન કર્યું. આ પુલ રામેશ્વરમને મુખ્ય ભૂમિ સાથે જોડશે. આ બે કિલોમીટર લાંબો પુલ ભારતીય ઈજનેરોના કૌશલ્યનો પરિચય આપતા સ્થાપત્યની અજાયબી છે અને દેશનો પહેલો દરિયામાં બંધાયેલો વર્ટિકલ લિફ્ટ બ્રિજ છે.

શ્રી મોદીએ રામેશ્વરમ-તાંબરમ એક્સપ્રેસને અને એક જહાજને લીલી ઝંડી આપી.

# IFFCO

ઇફકોના રિસર્ચ અને ડેવલપેમેન્ટના કારણે આજે નૈનો યુરિયા અને નેનો ડીએપીએ વિશ્વમાં ભારતની શાખ વધારી છે, તેમ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે કહ્યું હતું.

ગાંધીનગરના કલોલ ખાતે ઇફકોના સ્વર્ણિમ જયંતી સમારંભમાં સંબોધન કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઇફકોની 50 વર્ષની યાત્રાને વર્ણવતા કહ્યું કે, ઇફકોએ લેબોરેટરીમાં થતાં આધુનિક પરિક્ષણોને જમીન સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. શ્રી શાહે ઇફકોના બીજ અનુસંધાન એકમનું પણ ઉદઘાટન કર્યું હતું. તેમણે આશા વ્યક્ત કરતાં કહ્યું કે, જ્યારે ઇફકોની શતાબ્દિ મનાવાશે, ત્યારે પણ ઇફકોનો વિશ્વના સહકારી ક્ષેત્રમાં ડંકો વાગતો હશે.

**(બાઇટ- અમિત શાહ, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી)**

# REV.PREZ-PORTUGAL-VISIT-(CURTAIN-RAISER)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 10મી તારીખ સુધી પોર્ટુગલ અને સ્લોવાકિયાની મુલાકાતે રહેશે.

તેઓ આજે પોર્ટુગલ જવા રવાના થશે અને મોડી રાતે પોર્ટુગલ પહોંચશે. પોર્ટુગલની તેમની મુલાકાત દરમિયાન, સુશ્રી મૂર્મુ પોર્ટુગલના રાષ્ટ્રપ્રમુખ માર્સેલો રેબેલો ડી સૂસા સાથે મુલાકાત કરશે અને પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે. તેઓ પોર્ટુગલના પ્રધાનમંત્રી લુઈસ મોન્ટેનેગ્રોને પણ મળશે.

બીજી તરફ સ્લોવાકિયાની મુલાકાત દરમ્યાન, રાષ્ટ્રપતિ મુર્મુ તેમના સમકક્ષ પીટર પેલેગ્રિની અને પ્રધાનમંત્રી રોબર્ટ ફિકો સાથે દ્વિપક્ષીય બેઠક કરશે.

# REV.-US---PROTESTS

અમેરિકામાં સરકારી કર્મચારીઓની છટણી, સામાજિક સુરક્ષા કચેરીઓ બંધ કરવા, આરોગ્ય બજેટમાં ઘટાડો અને સ્થળાંતર કરનારાઓના પરત ફરવા સામે ડોનાલ્ડ ટ્રમ્પ સરકાર વિરુદ્ધ દેશભરમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યું છે.

150થી વધુ જૂથોએ 1 હજાર 200થી વધુ સ્થળોએ આ પ્રદર્શનોનું આયોજન કર્યું છે. શ્રી ટ્રમ્પના સલાહકાર એલોન મસ્ક સામે પણ વિરોધ કરાઈ રહ્યો છે. દરમિયાન, રાષ્ટ્રપ્રમુખ કાર્યાલયે જણાવ્યું કે, પાત્ર લોકો માટે સામાજિક સુરક્ષા અને આરોગ્ય સહાય ચાલુ રહેશે.

# PREZ-RAM-NAVAMI

આજે દેશભરમાં રામ નવમીની પરંપરાગત ધાર્મિક ઉત્સાહ અને આસ્થા પૂર્વક ઉજવણી થઈ રહી છે. આ તહેવાર ભગવાન વિષ્ણુના સાતમા અવતાર ભગવાન રામના આગમનનું પ્રતિક છે. ચૈત્ર મહિનાની સુદ નવમી તિથિએ રામનવમી ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રામ નવમીના પવિત્ર તહેવાર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે ધર્મ, ન્યાય અને ફરજના મૂલ્યો પર ભાર મૂક્યો છે. રાષ્ટ્રપતિએ રામ રાજ્યને શાસનનું આદર્શ મોડેલ ગણાવ્યું. તેમણે દેશવાસીઓને વિકસિત ભારતના નિર્માણ માટે સાથે મળીને કામ કરવાની હાકલ કરી. પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ દેશવાસીઓને સોશિયલ મીડિયાના માધ્યમથી ભગવાન શ્રી રામના આશીર્વાદ આપણા બધા પર રહે અને આપણને માર્ગદર્શન આપતા રહે તેવી શુભેચ્છા પાઠવી.

# DAY-IPL-CRICKET

ઇંડિયન પ્રીમિયર લીગ -IPL T20 ક્રિકેટમાં, આજે હૈદ્રાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે સનરાઇઝર્સ હૈદરાબાદ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મેચ રમાશે.

આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. ત્રણ મેચમાંથી બે જીત સાથે ગુજરાતની ટીમ પોઈન્ટ ટેબલમાં ત્રીજા જ્યારે એક જીત સાથે હૈદરાબાદની ટીમ ટેબલમાં સૌથી નીચે છે.

# WORLD-BOXING-CUP---GOLD

ભારતના હિતેશ ગુલિયાએ બ્રાઝિલમાં વર્લ્ડ બોક્સિંગ કપ 2025માં પુરુષોના 70 કિલોગ્રામ વજન જૂથમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. ફાઇનલમાં તેણે ઇંગ્લેન્ડના ઓડેલ કામારાને હરાવ્યો હતો. અન્ય એક મેચમાં અભિનાશ જામવાલે પુરુષોના 65 કિલોગ્રામ વર્ગમાં રજત ચંદ્રક જીત્યો છે.